Extra No. 15

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LXII] TUESDAY, JANUARY 12, 2021 / PAUSA 22, 1942

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૧.

તારીખઃ **૧૨મી જાન્યુઆરી, ૨૦૨૧ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **સન ૨૦૨૧ ના ગુજરાત વટહુકમ ક્રમાંકઃ ૧** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**

સરકારના નાયબ સચિવ.

**નાણા વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૧.

**GUJARAT ORDINANCE NO. 1 OF 2021.**

**AN ORDINANCE**

*further to amend the Gujarat Fiscal Responsibility Act, 2005.*

**સન ૨૦૨૧નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૧.**

**ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ વધુ સુધારવા બાબત વટહુકમ.**

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

**સન ૨૦૦૫નો ગુજરાતનો ૧૧મો.** અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે, ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ વધુ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે.

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છેઃ–

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.–** (૧) આ વટહુકમ ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વટહુકમ, ૨૦૨૧ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

**સન ૨૦૦૫નો ગુજરાતનો ૧૧મો.** ૨. **સન ૨૦૦૫ નો ગુજરાતનો ૧૧મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.–** આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૩માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે.

૩. **સન ૨૦૦૫ ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૫ નો સુધારો.–** મુખ્ય અધિનિયમમાં, કલમ ૫ માં, ખંડ (ખ)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:–

"પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ માટે, રાજ્યના એકંદર ઘરગથ્થું ઉત્પાદનના ૩ ટકા ઉપરાંત વધારાની ૨ ટકા (૫ ટકા સુધી) રાજવિત્તીય ખાધ પરવાનગીપાત્ર રહેશે.".

## નિવેદન

રાજવિત્તીય સ્થિરતા અને ટકાઉપણાને સુનિશ્ચિત કરવા માટે અને પૂરતી મહેસૂલ અધિશેષ મેળવીને, રાજવિત્તીય ખાધ ઘટાડીને અને રાજ્ય સરકારના ઋણ (ઉછીના લીધેલા નાણા), સરકારી જામીનગીરી, દેવા અને ખાધ ઉપરની મર્યાદા, રાજ્ય સરકારની રાજવિત્તીય કામગીરીમાં વધુ પારદર્શિતા અને મધ્યમ મુદતી રાજવિત્તીય પારદર્શિતા માળખાના ઉપયોગ મારફત, રાજવિત્તીય નીતિના અસરકારક કામકાજ અને વિવેકપૂર્ણ દેવા વ્યવસ્થાપન સંબંધી અંતરાયો દૂર કરીને, સામાજિક અને રાજવિત્તીય આંતરમાળખા અને માનવ વિકાસ માટેના વ્યાપમાં વૃદ્ધિ કરવા માટે, રાજ્ય સરકારની જવાબદારી માટેની જોગવાઈ કરવા ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ અધિનિયમિત કરવામાં આવ્યો છે.

કોવિડ–૧૯ મહામારીએ રાજ્યો અને કેન્દ્રના સંસાધનો પર પ્રતિકૂળ રીતે અસર પહોંચાડી છે. આ સંદર્ભમાં, વધારાના સંસાધનો ઊભા કરવા માટે, નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૦૨૧ માટે, રાજ્ય સરકારોને રાજ્યના એકંદર ઘરગથ્થુ પેદાશના ૨ ટકાની મર્યાદામાં વધારાના નાણાં ઉછીનાં લેવાની પરવાનગી આપી છે. રાજ્ય સરકારોએ તેમની રાજવિત્તીય જવાબદારી અને અંદાજપત્રના સંચાલન સંબંધી કાયદા સુધારવાની જરૂર છે. તેથી, ઉપર્યુક્ત અધિનિયમ સુધારવો જરૂરી છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સન ૨૦૦૫ નો સદરહુ અધિનિયમ સુધારવા આ વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર.
તારીખ: ૧૧મી જાન્યુઆરી, ૨૦૨૧.

**આચાર્ય દેવવ્રત,**
ગુજરાતના રાજયપાલ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

**પંકજ જોષી,**
સરકારના અધિક મુખ્ય સચિવ.

------------------

Extra No. 1

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXII ] TUESDAY, JANUARY 12, 2021 / PAUSA 22, 1942**

**Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.**

**PART IV**

**Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor.**

**FINANCE DEPARTMENT**

Sachivalaya, Gandhinagar, Dated the 12th January, 2021.

**GUJARAT ORDINANCE NO. 1 OF 2021.**

***AN ORDINANCE***

*further to amend the Gujarat Fiscal Responsibility Act, 2005.*

WHEREAS the Legislative Assembly of the State of Gujarat is not in Session;

AND WHEREAS the Governor of Gujarat is satisfied that
**Guj. 11 of 2005.** circumstances exist which render it necessary for him to take immediate action to amend the Gujarat Fiscal Responsibility Act, 2005;

NOW, THEREFORE, in exercise of the powers conferred on him by clause (1) of article 213 of the Constitution of India, the Governor of Gujarat is hereby pleased to make and promulgate the following Ordinance, namely:-

**1.** ***Short title and Commencement.-*** (1) This Ordinance may be called the Gujarat Fiscal Responsibility (Amendment) Ordinance, 2021.

(2) It shall come into force at once.

**2.** ***Guj. 11 of 2005 to be temporarily amended.-*** During the period of operation of this Ordinance, the Gujarat Fiscal Responsibility Act, 2005 (hereinafter referred to as "the principal Act") shall have effect subject to the amendment specified in section 3. **Guj. 11 of 2005.**

**3.** ***Amendment of section 5 of Guj. 11 of 2005.-*** In the principal Act, in section 5, to clause (b), the following proviso shall be inserted, namely:-

"Provided that, for the financial year 2020-21, additional fiscal deficit of 2 percent over and above 3 percent of Gross State Domestic Product (up to 5 percent) shall be permissible.".

## STATEMENT

The Gujarat Fiscal Responsibility Act, 2005 has been enacted to provide for the responsibility of the State Government to ensure fiscal stability and sustainability and to enhance the scope for social and fiscal infrastructure and human development by achieving sufficient revenue surplus, reducing fiscal deficit and removing impediments to the effective conduct of fiscal policy and prudent debt management through limits on State Government's borrowings, Government guarantees, debt and deficit, greater transparency in fiscal operations of the State Government and use of a medium term fiscal transparency framework.

The COVID-19 pandemic has adversely affected the resources of the States and the Centre. In view of this, to raise additional resources, the Central Government has allowed an additional borrowing limit of 2 per cent of the Gross State Domestic Product to the State Governments for the financial year 2020-2021. The State Governments are required to amend their Fiscal Responsibility and Budget Management Laws. Therefore, it is necessary to amend the aforesaid Act.

As the Legislative Assembly of the State of Gujarat is not in session, this Ordinance is promulgated to amend the said Act of 2005 to achieve the aforesaid objects.

Gandhinagar. **ACHARYA DEVVRAT,**
Dated the 11th January, 2021. Governor of Gujarat.

By order and in the name of the Governor of Gujarat,

**PANAKAJ JOSHI,**
Additional Chief Secretary to Government.

----------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.